રાજ્યમાં ખેડુતોને સૌર ઊર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનાના ઠરાવમાં સુધારા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૪/૧૪૪૭/બ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૭/૫/૨૦૧૬

વંચાણે લીધા:

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાક-બજટ/૨૦૧૪/૧૪૪૭/ ક૧, તા-૨૫/૯/૨૦૧૪

(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક-બજટ/૨૦૧૪/ ૧૪૪૭/ક૧, ૨૬/૧૧/૨૦૧૪

(3) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક -બજટ/૨૦૧૪/૧૪૪૭/બ,તા- ૦૨/૦૨/૨૦૧૫

(૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક -બજટ/૨૦૧૪/૧૪૪૭/બ,તા- ૦૧૯/૦૮/૨૦૧૫

(૫) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી,વડોદરાના પત્ર ક્રમાંક.જીયુવીએન્નેલ-ટેક –એકેએફ-સોલાર-૭૬૦ તા.૧૮/૦૪/૨૦૧૬ તેમજ પત્ર ક્રમાંક .જીયુવીએનેલ-ટેક-૮૧૯,તા.૨૮/૦૪/૨૦૧૬

રાજય સરકારના વંચાણે લીધેલ ક્રમાંક ૧ થી ૪ માં નિર્દેષ્ટ ઠરાવોથી રાજયના ખેડુતોને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી સૌર ઊર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.ઉક્ત યોજનામાં કેટલાંક સુધારા કરવા GUVNL,વડોદરાએ તેમના તા.૧૮/૦૪/૨૦૧૬ અને તા.૨૮/૦૪/૨૦૧૬ના સંદર્ભિત પત્રથી દરખાસ્ત કરેલ,જે કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ:-</u>

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ,વડોદરાએ તેમના તા.૧૮/૦૪/૨૦૧૬ તથા તા.૨૮/૦૪/૨૦૧૬ના પત્રોથી સદર યોજનામાં સુધારા-વધારા કરવા માટે કરેલ દરખાસ્ત અંગે સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરી ઉક્ત યોજનામાં આથી નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવેલ છે.

(૧) લાભાર્થી એક જ સર્વે નંબરમાં અથવા પાસ પાસેના સંયુક્ત સર્વે નંબરો ગણતરીમાં લેતાં એક જ માલિકીનો કુલ ઓછામાં ઓછી એક એકરની જમીન ધરાવતો હશે તો તે સદર યોજનામાં નોંધણી કરાવી શકશે. સદર કિસ્સામાં જમીન એક સાથે હોવી અનિવાર્ય રહેશે.તથા અરજદારે સંમતિ આપવાની રહેશે કે તેવી જમીનની સાથેની જમીનના અન્ય માલીકીના સર્વે નંબરમાં સદર પાણીનો વપરાશ કરી શકશે નહી. તેમજ ગણતરીમાં લેવાયેલ જમીનના કોઇપણ ટુકડા માટે પાંચ વર્ષ સુધી કૃષિ હેતુ વીજ જોડાણ મળવાપાત્ર રહેશે નહી.અને અરજદાર તેવી માંગણી કરશે નહી.

(૨) કૃષિ હેતુ વીજ જોડાણ માટે નોંધાયેલ તમામ અરજીઓ,અંદાજપત્ર પાઠવેલ હોય અથવા જે અરજદારોએ અંદાજપત્રનીરકમ ભરપાઇ કરેલ હોય પરંતુ કામ શરૂ ના થયુ હોય એવા તમામ અરજદારોને આ યોજનાનો લાભ મળી શકશે.અગાઉ કૃષિ હેતુ વીજ જોડાણ માટે અરજીની નોંધણી ના કરાવેલ હોય એવા ખેડૂતો પણ સદર યોજનામાં નોંધણી કરાવી શકશે.

(૩) સોલાર પીવી સંચાલિત ઓફ ગ્રીડ આધારિત,કૃષિ હેતુ ૩ હો.પા,૫ હો.પા અને ૭.૫ હો.પા ના સોલાર પંપનો સમાવેશ આ યોજનામાં થઇ શકશે. આ સંદર્ભે અનુસૂચિત જાતિ/જનજાતિના લાભાર્થીઓએ રૂ.૧૦૦૦/-પ્રતિહો.પા અને તે સિવાયના અન્ય લાભાર્થીઓએ રૂ.૫૦૦૦/- પ્રતિ હો.પા ની રકમ ગ્રાહક ફાળા તરીકે ભરવાની રહે છે.

વંચાણે લીધેલ ઉપરોકત ચારેય ઠરાવોની અન્ય શરતો અને બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૦૫/૨૦૧૬ની નોંધથી મળેલ સંમતિથી પ્રસ્સિધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શોભના દેસાઇ)

અધિક સચિવ

ઊર્જા અને પેટ્રોકેમિક્લ્સ વિભાગ

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર

(૧) મેનેજીંગ ડાયરેકટશ્રી,ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી,વડોદરા.

(૨) મેનેજીંગ ડાયરેકટશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લી, મહેસાણા

(૩) મેનેજીંગ ડાયરેકટશ્રી, પશ્રિમ ગુજરાત વીજ કંપની લી, રાજકોટ.

(૪) મેનેજીંગ ડાયરેકટશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લી, સુરત.

(૫) મેનેજીંગ ડાયરેકટશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લી, વડોદરા.

(૬) મેનેજીંગ ડાયરેકટશ્રી, ગુજરાત એનર્જી ટ્રાંસમીશન કોર્પોરેશન લી, વડોદરા.

(૭) મેનેજીંગ ડાયરેકટશ્રી, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીકલ કોર્પોરેશન લી, વડોદરા.

(૮) મુખ્ય વિધુત નિરીક્ષક અને શુલ્ક સમાહર્તાશ્રી,ઉધોગ ભવન ,ગાંધીનગર

(૯) નિયામકશ્રી,ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી,ગાંધીનગર.

(૧૦)જનરલ મેનેજરશ્રી,ગુજરાત પાવર કોર્પોરેશન લી,ગાંધીનગર.

(૧૧) સિલેક્ટ ફાઈલ-૨૦૧૬